	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૦/૦૩/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૪૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૦	૦	૧૩૦	૪૦૯	૦	૪૦૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૩	૦	૧૦૦૬૮૩	૧૦૯૫૮૭	૦	૧૦૯૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨	૫,૭૪,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯	૨૯,૦૦૦/-

પાસા અટકાયતીની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારી તથા છેડતીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે રાકેશ ઉર્ફે સાયમંડ સંપતભાઈ જાતે. પટણી(બોરાવાળા) ઉ.વ.૨૪ રહે. બ્લોક નં.૮૨ ગુ.હા.બોર્ડ, અંબા ચોક પાસે, કલાપીનગર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૧૧૯૩/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨)મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩ ૨૨૦૦૦૭/૨૨ ઈ.પી.કો. કલમ ૩૫૪(એ), ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસાહુકમ:ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૩૮/૨૦૨૨ તા.૦૯/૦૩/૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૨ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે. તા.૦૯/૦૩/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ. હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૩૬૯ લીટર દેશી દારૂ, ૨૨૭૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૬૫૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૪૯૧ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કરી હતી.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૫૨/૨૦૨૨**

કૃષ્ણનગરઃ ધર્મેશકુમાર પ્રવિણચંદ્ર રાવલ (ઉ.વ.૪૨)(રહે, શિવ એપાર્ટમેન્ટ, નોબલ સ્કુલ સામે, કૃષ્ણનગર) એ તા.૦૯/૦૩/૨૦૨૨ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે ઠક્કરબાપાનગર વોર્ડ, સરદાર ચોક મણીબા સ્કુલની પાછળ "અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર" ખાતે ધર્મેશભાઇના મોબાઇલ નંબર ઉપર અજાણ્યા મોબાઇલ નંબર ૭૮૩૮૨૨૭૫૪૮ ઉપરથી અજાણી મહિલાએ વાત કરી "BOB બેંકના ક્રેડીટકાર્ડ વિભાગમાંથી બોલુ છું, તમારુ આધારકાર્ડ, પાન કાર્ડ તથા ક્રેડિટકાર્ડનો ફોટો, પાસપોર્ટ સાઇઝનો ફોટો, બેંક સ્ટેટમેન્ટ તથા મેઇલ આઇ.ડી. વ્હોટસઅપ ઉપર મોકલી આપો" તેમ કહેતા, ધર્મેશકુમારે પોતાનું આધારકાર્ડ તથા બેંક સ્ટેટમેન્ટની કોપી તથા ઇ-મેઇલ આઇ.ડી વ્હોટસઅપ કરતા, ધર્મેશકુમારના મોબાઇલમાં તથા ઇ-મેઇલ આઇ.ડી.માં મેસેજ આવેલ કે તેમના RBL બજાજ ફિન્સર્વ પ્લેટીનમ સુપરકાર્ડમાંથી કુલ રૂપિયા ૫૦,૮૫૦/- "પાયુ પેમેન્ટસ પ્રા.લી." દ્વારા ઓનલાઇન ટ્રાન્ઝેકશન કરી લઇ, અજાણી મહિલાએ ધર્મેશકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

ઘરફોડ:- **સમાચાર યાદી નં.૪૫૩/૨૦૨૨**

વાસણાઃ સુનીલભાઇ સુરેશભાઇ રાજપુત (ઉ.વ.૩૫)(રહે.ઓમશાંતી ગોલ્ડ પ્લસ કર્ણાવતી હોલની પાસે, નારોલ વટવા રોડ, નારોલ) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૩/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૯/૩/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન વાસણા કુલીન ટેનામેન્ટ ઘર નંબર-૭૭ ખાતે આવેલ એકાઉન્ટ ઓફીસમા બેરેજ બાજુની દિવાલમા આવેલ સ્લાઇડર વાળી, બારીમાંથી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ઓફિસમાંથી સી.સી.ટી.વી. કેમેરાનુ ડી.વી.આર. કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, ઓફીસનું સર્વર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-, ચાંદીની મુર્તિ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ત્રણ ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧,૫૦૦/- તથા યુ.એસ.બી. કિંમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૮૭,૦૦૦/- ની મતા ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૫૪/૨૦૨૨**

સોલા હાઇકોર્ટઃ સીરીનભાઇ અતુલભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે.શ્રીસ્વામ રેસીડન્સી ગોકુલ હોટલની પાછળ, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

એલીસબ્રીજઃ હર્ષીલ જગદીશભાઇ પટેલ (ઉ.વ.૨૮)(રહે,પ્લોટ નંબર ૩૩૧/૧, સેક્ટર-૦૧, ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે એલીસબ્રીજ "પામ સ્પ્રીગ બીલ્ડીંગ" ના ચોથા માળે થી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પર્વતસિહ વેચાતભાઈ ચલાવે છે.

મેઘાણીનગરઃ મેઘાણીનગર રામેશ્વર કુમ્ભાજીની ચાલી, નીલકંઠ પાર્ટી પ્લોટ પાસે, ખોડીયારનગર ખાતે આવેલ ભાડાના મકાનમાં રહેતા માનસીબહેન વા/ઓ રોહીતકુમાર રાઘવ (ઉ.વ.૨૨)(મુળ રહે.ગામઃ મઉ, તા.સીકંદરાઉ, જી.આત્રસ, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણોસર તા.૦૮/૦૩/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રહેણાંક મકાનમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "જી" ડિવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.